# ઇન્ટરનેટ વગર ફક્ત SMSથી ફેસબુક અપડેટ કરવાની ટ્રિક

હવે તમે વિચારી રહ્યા હશો કે ફેસબુક સ્ટેટસ અપડેટ, એ પણ ફક્ત 1 એસએમએસથી.. પણ આ કોઇ મજાક નથી પણ ટ્રિક છે. આ ટ્રિક માટે તમારી પાસે મોબાઇલ હોવો જરૂરી છે. પછી તે નોકિયા 1100 મોબાઇલ કેમ ન હોય. આ ટ્રિક માટે સૌથી પહેલા તમારે તમારા મોબાઇલ નંબરને ફેસબુક એકાઉન્ટનાં સેટિંગ પર રજિસ્ટર કરવો પડશે. એક વાર તમારો મોબાઇલ નંબર તમારા ફેસબુક એકાઉન્ટ સાથે લિન્કડ અને સિન્ક્રોનાઇઝ્ડ કરીને ફક્ત મેસેજથી જ પોતાનું સ્ટેટસ અપડેટ કરી શકશો. હવે પ્રશ્ન છે કે મોબાઇલ પર ફેસબુક સિન્ક્રોનાઇઝ્ડ કેવી રીતે થશે. તો જોઇએ આમ કેવી રીતે થશે. આ માટે તમારે ફેસબુક પર પોતાનાં એકાઉન્ટમાં લોગઇન કરવું પડશે.




ત્યારબાદ તમે એકાઉન્ટ બટન પર ક્લિક કરો અને સેટિંગ્સમાં જાઓ.




સેટિંગ્સમાં જઇને મોબાઇલ ટેબ ઓપ્શન પર ક્લિક કરો. અહીં તમને રજિસ્ટર ફોર ફેસબુક મોબાઇલ ટેક્સ્ટ ઓપ્શન દેખાશે. તેમા **Activate Text Messaging** આ લિન્ક પર ક્લિક કરો અને પોતાના મોબાઇલ નંબર સહિત માંગેલી બધી માહિતી ભરી દો.




સબમિટ બટન દબાવ્યા પછી મોબાઇલ પર કન્ફર્મેશન કોડ આવશે




આ કોડને ફેસબુક સાઇટ પરનાં બોક્સમાં નાંખીને ઓકે કરો

મેસેજ કર્યા પછી તમારૂં સ્ટેટસ અપડેટ થઇ જશે ત્યારે તમારી પાસે એક મેસેજ આવશે, જે કન્ફર્મ કરશે કે તમારૂં સ્ટેટસ અપડેટ થઇ ગયું છે




મોબાઇલ રજિસ્ટર કર્યા પછી મેસેજથી સ્ટેટસ અપડેટ કરવા માટે તમારે ફક્ત 32665 પર સ્ટેટસ કન્ટેન્ટ મેસેજ મોકલવો પડશે.